## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



મારા ભાઇએ બેક માંથી લોન લીધી... એ વીસ વર્ષથી હપ્તા ભરે છે... મે બેક લુટી... હુ દશવર્ષમાં છુટી ગયો..

# દબાણતંત્ર જાગ્યુ, ઘ-૦ થી રિલાયન્સ ચોકડી સુધીના દબાણ દૂર કરાયા




ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં ગેરકાયદે વધતા જતા દબાણો સામે આખરે મનપાના તંત્રએ લાલ આંખ કરી છે. ઘ-૦ થી રિલાયન્સ ચોકડી સુધીના ચોક્કસ વિસ્તારમાં આજે તંત્રએ દબાણ હટાવવાની કામગીરી હાથ ધરી હતી. તંત્રએ આજે પોલીસને સાથે રાખી આ કાર્યવાહી હાથ ધરી હતી અને બપોર સુધીમાં એક આયશર ટ્રક ભરી લારી-ગલ્લા ઉઠાવી લેવાયા હતા. મનપાનું તંત્ર ઘોર નિંદ્રામાંથી ઉઠયુ હતુ અને શહેરની સુંદરતામાં મેખ સમાન બનેલ દબાણકર્તાઓ પર આજે ત્રાટક્યુ હતુ. જોકે દબાણ હટાવવાની કામગીરી ભેદભાવ ભરી રહી હોવાની ફરિયાદો પણ ઉઠી છે. સે. ૬, સે. ૨૨, સે. ૧૧, સે. ૭, રાયસણ, કુડાસણ સહિતના વિસ્તારોમાં કાચા-પાકા દબાણોનો રાફડો નિકળ્યો હોવા છતાં તંત્રએ તટસ્થ કાર્યવાહી નહિ કરી હોવાની ફરિયાદ ઉઠી છે. અગાઉ જે દબાણો દૂર કરવામાં આવ્યા હતા તે પુનઃ ઉભા થઈ ગયા છે. તંત્રની કચેરીની પાછળ જ આખુ નોનવેઝ બજાર જામ્યુ છે તે દબાણ દેખાતુ નથી. દબાણો એ અસામાજિક તત્વો માટેનું સ્થાન બનીને ઉભરી રહ્યા છે. તંત્ર માત્ર દેખાડા પુરતી કાર્યવાહી ના કરે અને અસરકારક તેમજ કાયમી રીતે દબાણો દૂર કરે તેમ નગરજનો ઈચ્છી રહ્યા છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે ૧૫મા નાણાંપંચ અંતર્ગત ચાલી રહેલ વિકાસ કામોની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી.

● આરોગ્યતંત્ર દ્વારા આજથી બ્લોક નં. ૬ ભોંયતળિયે જુના સચિવાલય, બ્લોક નં. ૭ જીમખાના ભોંયતળિયે નવા સચિવાલય બ્લોક નં. ૧૧ જીમખાના ભોંયતળિયે નવા સચિવાલય તેમજ ઉદ્યોગભવન ખાતે કોરોના વેક્સિનેશન સેન્ટર ત્રણ દિવસ માટે કાર્યરત કરવામાં આવેલ છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં શાસક અને વિપક્ષના સભ્યો આજે દેખાયા હતા.

● ગાંધીનગર મનપા દ્વારા દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

● આજે રાષ્ટ્રીય કેમેરા દિવસ છે. તેમજ રાષ્ટ્રીય આંકડા દિવસ છે તેની ઉજવણી કરવામાં આવશે.


● ગાંધીનગર શહેરમાં કેટલાક વિસ્તારોમાં પાણીનો પુરવઠો આજે નિયત સમય કરતાં થોડો મોડો શરૂ થયો હતો.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાને લઈ રોજના ૭૦૦ જેટલા ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે.

● ગાંધીનગર શહેરમાં આંતરિક માર્ગોની સફાઈ ન થતી હોવાથી તેમજ જાહેરમાં મુકેલી કચરાપેટીઓ પણ નિયમિત રીતે ખાલી થતી ન હોવાથી ગંદકીનું પ્રમાણ વધ્યુ છે.

● વન વિભાગ દ્વારા ફેન્સીંગ કરાયેલા વિસ્તારમાં પણ સફાઈના અભાવે ગંદકી ઠેર ઠેર વ્યાપી રહી છે.

## વિસનગરા નાગર મંડળ ગુજરાતના પ્રમુખપદે અતુલભાઈ પંડ્યા



શ્રી વિસનગરા નાગર મંડળ, ગુજરાતના પ્રમુખપદે અતુલભાઈ કાન્તીભાઈ પંડ્યાની સર્વાનુમતે વરણી થઈ છે. તેઓ ગાંધીનગરના સીનિયર એડવોકેટ છે. તેમજ અમદાવાદી વિસનગરા નાગર ધર્મશાળામાં મંત્રીપદે તથા ટ્રસ્ટી તરીકે સેવાઓ આપે છે તથા ગાંધીનગર જિલ્લા ભારતીય જનતા પાર્ટીમાં લીગલ સેલમાં સેવાઓ આપે છે.

## ગાંધીનગર શહેરમાં એક અને ગ્રામ્યમાં બે સ્થાનોએ ધન્વન્તરી ઔષધિ ઉદ્યાન બનાવાશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં એક જિલ્લાના બે સ્થાનોએ આયુર્વેદ નિયામકશ્રીની કચેરીના માર્ગદર્શન હેઠળ ત્રણ ધન્વન્તરી ઔષધિ ઉદ્યાન ઉભા કરવામાં આવશે.

જિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેન મીનાબેન લલિતજી ઠાકોરે જણાવ્યુ હતુ કે આયુર્વેદ પ્રત્યે લોકોની શ્રદ્ધા વધી છે અને આયુષની ઓ.પી.ડી.માં પણ કોરોના કાળ પછી નોંધપાત્ર વધારો થયો છે ત્યારે લોકોને તાજી ઔષધિ પ્રાપ્ત થાય તે માટે હાલ જિલ્લામાં બે સ્થાનો પર ધન્વન્તરી ઔષધિ ઉદ્યાન સ્થાપવાનો નિર્ણય લીધો છે.

આ ઉદ્યાનની નિભાવણી અને જાળવણી આયુષના તબીબો જ કરશે. આ માટે આરોગ્ય સમિતિએ મંજૂરી આપી દીધી છે અને ચોમાસાની આ સિઝનમાં જ આ ઉદ્યાનમાં વિવિધ ઔષધિના રોપાઓનું વાવેતર કરી દેવામાં આવશે. ગાંધીનગર શહેરમાં સે. ૩ ખાતે અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કલોલ તેમજ રખિયાલ ખાતે આ ધન્વન્તરી ઔષધિ ઉદ્યાન બનાવવામાં આવનાર છે.

આ ધન્વન્તરી ઔષધિ ઉદ્યાનમાં ૧૨ થી પણ વધુ ઔષધિના રોપાઓનું વાવેતર કરવામાં આવશે. આ માટે તંત્રએ તેની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

મળતી વિગતો પ્રમાણે આ ઔષધિ ઉદ્યાનમાં નગોડ, પારિજાત, તુલસી, અરડુસી, કુંવરપાઠુ, અશ્વગંધા, કડિયાતરૂ, બિલ્વ, ગળો, જીવંતી, સોનામુખી, બ્રાહ્મી તેમજ શંખપુષ્પી જેવી ઔષધિઓનું વાવેતર કરવામાં આવનાર છે. જિલ્લામાં આયુષની ખેતીને પ્રોત્સાહન મળે તે માટે આયુષ પ્રકલ્પની યોજના પણ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં હાલ ૧૭ જેટલા આયુર્વેદ ડિસ્પેન્સરી કાર્યરત છે. અને ૭ હોમીયોપેથીના દવાખાના કાર્યરત છે. જિલ્લામાં આયુષ તંત્ર દ્વારા યોગ ઉપરાંત રોગ પ્રમાણે યોગના વર્ગોનું સંચાલન કરવામાં આવી રહ્યુ છે. તાજેતરમાં આ વર્ગોમાં યોજાયેલ યોગ શિબિરમાં ૧૩ હજારથી વધુ લોકો જોડાયા હતા જે નોંધનીય છે.

## ગાંધીનગરમાં દબાણતંત્ર જાગ્યુ ઘ-૦ થી રિલાયન્સ ચોકડી સુધીના દબાણ દૂર કરાયા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં ગેરકાયદે વધતા જતા દબાણો સામે આખરે મનપાના તંત્રએ લાલ આંખ કરી છે. ઘ-૦ થી રિલાયન્સ ચોકડી સુધીના ચોક્કસ વિસ્તારમાં આજે તંત્રએ દબાણ હટાવવાની કામગીરી હાથ ધરી હતી.

તંત્રએ આજે પોલીસને સાથે રાખી આ કાર્યવાહી હાથ ધરી હતી અને બપોર સુધીમાં એક આયશર ટ્રક ભરી લારી-ગલ્લા ઉઠાવી લેવાયા હતા.

મનપાનું તંત્ર ઘોર નિંદ્રામાંથી ઉઠયુ હતુ અને શહેરની સુંદરતામાં મેખ સમાન બનેલ દબાણકર્તાઓ પર આજે ત્રાટક્યુ હતુ. જોકે દબાણ હટાવવાની કામગીરી ભેદભાવ ભરી રહી હોવાની ફરિયાદો પણ ઉઠી છે. સે. ૬, સે. ૨૨, સે. ૧૧, સે. ૭, રાયસણ, કુડાસણ સહિતના વિસ્તારોમાં કાચા-પાકા દબાણોનો રાફડો નિકળ્યો હોવા છતાં તંત્રએ તટસ્થ કાર્યવાહી નહિ કરી હોવાની ફરિયાદ ઉઠી છે. અગાઉ જે દબાણો દૂર કરવામાં આવ્યા હતા તે પુનઃ ઉભા થઈ ગયા છે. તંત્રની કચેરીની પાછળ જ આખુ નોનવેઝ બજાર જામ્યુ છે તે દબાણ દેખાતુ નથી.

દબાણો એ અસામાજિક તત્વો માટેનું સ્થાન બનીને ઉભરી રહ્યા છે. તંત્ર માત્ર દેખાડા પુરતી કાર્યવાહી ના કરે અને અસરકારક તેમજ કાયમી રીતે દબાણો દૂર કરે તેમ નગરજનો ઈચ્છી રહ્યા છે.

## સાદરા સરદાર ઉપાસના મંદિરમાં મેઘ મનામણાં કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૨૮

ગૂજરાત વિદ્યાપીઠ મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાના સરદાર ઉપાસના મંદિરમાં મેઘ મનામણાં કાર્યક્રમ યોજાયો હતો. વર્ષાઋતુમાં વરસાદ ખેંચાયો છે, ખેડૂતો મેઘરાજાની રાહ જોઈ બેઠા છે તેવા સંજોગોમાં સંકુલ સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલના સદ્ભાવી વિચારોથી મેઘ મનામણાં કાર્યક્રમમાં મેઘરાજાને મનાવવા વર્ષાઋતુનાં ગીતો જેવા કે સાવન કા મહિના પવન કર શોર, જાણે વરસ્યો મોસમનો વરસાદ તમે યાદ આવ્યા, એક પગલું પડ્યું તમે યાદ આવ્યા, આભમાં ઝીણી ઝબૂકી વીજ રે, હે વીરા લઈને વહેલો આવજો રે, વાદલડી વરસી રે ગીતોનું ગાન કરાયું હતું. સંગીત કલાકાર જગદીશ પરીખના નેતૃત્વમાં, ડૉ. ગેલજી ભાટીયા, ડૉ. બળદેવ મોરી અને સ્મીતા ગામીત દ્વારા મેઘ મનામણાંના ગીતો ગવાયા. સમગ્ર કાર્યક્રમનું આભાર દર્શન રાષ્ટ્રીય યોજના એકમ પ્રોજેક્ટ ઓફિસર ડૉ. મોતી દેવુએ કર્યું હતું.

## રથયાત્રાથી જિલ્લામાં મેઘરાજાની પધરામણી થશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં ૧ થી ૩ જૂન દરમ્યાન છુટા છવાયા સ્થાનો પર હળવાથી મધ્યમ વરસાદ થશે.

રથયાત્રાના દિવસે વરસાદના આગમન થવાના સમાચારે જગન્નાથના ભક્તોમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે. જો કે જિલ્લામાં ગરમીનો પ્રકોપ ૩જી જુલાઈ પછી ઘટશે તેમ મનાઈ રહ્યુ છે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૨૬માં જણાવ્યા પ્રમાણે ૨૯મીથી ૩જી જુલાઈ સુધીના પાંચ દિવસમાં આકાશ મોટા ભાગે વાદળછાયુ રહેશે.

છુટી છવાઈ જગ્યાએ હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે. આ પાંચ દિવસ દરમ્યાન મહત્તમ તાપમાન ૩૫-૩૭ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૫-૨૮ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૬૧ થી ૮૫ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે પવનની સરેરાશ ગતિ ૧૭થી ૨૧ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

દરમ્યાન ભારત સરકારના હવામાન વિભાગે આજે કરેલી આગાહી મુજબ ૩૦ જૂન અને ૧લી ૨જી જુલાઈના રોજ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ થવાની શક્યતાઓ છે.

જો કે આજે મળેલ વેધર વોચ ગૃપની બેઠકમાં રાજ્યમાં ૨૮મીથી ૨જી જુલાઈ સુધી વરસાદ થશે તેમ જણાવવામાં આવ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં ૨૮ જૂનના સવારના ૬ વાગ્યા સુધીમાં ચોમાસાનો અત્યાર સુધીમાં સરેરાશ ૨૩ મી.મી. વરસાદ અને ટકાવારીમાં તે ૩.૦૬ ટકા જેટલો નોંધાયો છે.

જિલ્લામાં દહેગામમાં ૧૫ મી.મી., ગાંધીનગરમાં ૪ મી.મી., કલોલમાં ૭ મી.મી., માણસામાં ૬૭ મી.મી. વરસાદ નોંધાયો છે.

## ગાંધીનગર મનપાને રૂ. ૪૭ કરોડથી વધુની ગ્રાન્ટ ફળવાઈ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગર પાલિકાને મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂ. ૪૭ કરોડથી વધુની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ગઈકાલે જ મહાનગરો અને નગરોમાં આંતર માળખાકીય સુવિધા અને વિકાસના કામો માટે ગ્રાન્ટ ફાળવવાના હુકમો કરવામાં આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર મહાનગર પાલિકાને શહેરી સડક યોજના અંતર્ગત રૂ. ૬.૪૨ કરોડ તેમજ આંતર માળખાકીય સુવિધા માટે રૂ. ૪૧ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

આ ગ્રાન્ટ ફાળવણીના હુકમો એકાદ દિવસમાં મનપાને મળી ગયા બાદ આ અંગે હાથ ધરવાના કામોનું આયોજન અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## આગામી પાંચ દિવસમાં સમગ્ર ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના

**આગામી તા. ૩૦ જૂનથી ૨ જુલાઈ દરમિયાન નવસારી, વલસાડ અને ડાંગમાં ભારે વરસાદની સંભાવના : ભારતીય હવામાન વિભાગ ગાંધીનગર ખાતે રાહત કમિશનર અને સચિવના અધ્યક્ષસ્થાને વેધર વોચ ગૃપની સમીક્ષા બેઠક યોજાઇ**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર ખાતે આજે રાહત કમિશ્નરના અધ્યક્ષસ્થાને વેધર વોચ ગૃપની બેઠક યોજાઈ હતી, જેમાં IMDના અધિકારી એમ. મોહન્તીએ જણાવ્યું હતું કે આગામી પાંચ દિવસમાં સમગ્ર ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના રહેલી છે તેમજ તા. ૩૦ જૂન થી ૦૨ જુલાઈ દરમિયાન નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવના છે. કૃષિ વિભાગના જણાવ્યા અનુસાર ચાલુ વર્ષે તા. ૨૭-૬-૨૦૨૨ સુધીમાં અંદાજિત ૧૯,૬૮,૭૨૨ હેક્ટર ખરીફ પાકોનું વાવેતર થયું છે તથા ગત વર્ષે સમાન સમયગાળા દરમિયાન ૨૫,૦૨,૨૮૮ હેક્ટર વાવેતર થયેલ હતું. સિંચાઈ વિભાગના જણાવ્યા અનુસાર સરદાર સરોવર જળાશયમાં ૧,૪૮,૩૫૮ એમ.સી.એફ.ટી. પાણીનો સંગ્રહ છે, જે કુલ સંગ્રહશકિતના ૪૪.૪૧ ટકા છે. રાજ્યનાં ૨૦૬ જળાશયોમાં ૧,૮૫,૭૧૯ એમ.સી.એફ.ટી. પાણીનો સંગ્રહ છે, જે કુલ સંગ્રહશકિતના ૩૩.૨૭ ટકા છે.

હાલમાં રાજયમાં કોઈ જળાશય એલર્ટ કે હાઈ એલર્ટ પર નથી. ચર્ચા દરમિયાન રાહત કમિશનરે NDRF અને SDRFની ટીમોને ડીપ્લોયમેન્ટ કરવા માટે રાજ્યમાં આગામી વરસાદની આગાહીને ધ્યાને લઈ ગીર સોમનાથ જિલ્લામાં એક NDRFની ટીમ સ્ટેન્ડબાય ડીપ્લોય કરવા સૂચના આપી હતી.



શહેરમાં છેલ્લા બે-ત્રણ દિવસથી વરસાદી વાતાવરણ જોવા મળી રહ્યુ છે. ભારે પવન ફુંકાય છે અને આકાશમાં વાદળો ઘેરાઈ આવે છે, ભારે પવનના કારણે શહેરમાં ઠેર ઠેર હોર્ડીંગ્સ તુટેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. ઘ-૩ સર્કલ ઉપર લગાવેલ સરકારી જાહેરાતનું હોર્ડીંગ્સ તુટી ગયુ છે જે ગમે ત્યારે નીચે પડીને અકસ્માત સર્જી શકે છે.



વૃક્ષમાં જીવન હોય છે એ આપણે નાનપણમાં ભણી ગયા પરંતુ આપણે ખરેખર તેવુ માનીએ છીએ ? આપણા હરીયાળા નગરના વૃક્ષો પર જાહેરાત માટે લગાવવામાં આવેલા ખીલા આપણી નિર્દયતા પૂરવાર કરવા માટે પુરતા છે. પ્રકૃતિપ્રેમીઓને ખૂબ જ તકલીફ થાય તે રીતે ઠેર ઠેર વૃક્ષોમાં ખોડેલા ખીલા દૂર કરવા જરૂરી બન્યા છે.

**કેન્દ્ર સરકારની ગુજરાતના નાગરીકોને વધુ એક ભેટ**

## ગુજરાતમાં ૩૭૬૦.૬૪ કરોડના ખર્ચે ૩૪ જેટલા રાષ્ટ્રીય ધોરીમાર્ગના કામો મંજૂર

**૧૧૦ કરોડના ખર્ચે સરખેજ-ગાંધીનગર હાઇવે પર ઇસ્કોન ફ્લાય-ઓવરથી સાણંદ ફ્લાય-ઓવર વચ્ચે ૪ કી.મી. લંબાઇ ૩ એલીવેટેડ ફ્લાય-ઓવરનુ નિર્માણ કરાશે**

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતના નાગરીકોને પરિવહન સુવિધાઓનો વધુને વધુ લાભ મળે તે માટે ગુજરાતમાં રૂ. ૩૭૬૦.૬૪ કરોડના ખર્ચે નવા ૩૪ જેટલા રાષ્ટ્રીય ધોરીમાર્ગના કામો મંજૂર કર્યા છે. ભારત સરકાર દ્વારા રાજ્યમાં આવેલ રાષ્ટ્રીય ધોરીમાર્ગના કામો માટેનો વર્ષ ૨૦૨૨-૨૩નો રૂ. ૩૭૬૦.૬૪ કરોડનો વાર્ષિક પ્લાન મંજૂર કર્યો છે. જેમાં રૂા.૨૫૧૧.૧૦ કરોડના રસ્તાના બાંધકામ અને નવા બ્રીજના બાંધકામો તેમજ રૂ. ૧૨૪૯.૫૪ કરોડના પ્રી-કન્સ્ટ્રક્શન એક્ટીવીટીના કામો હાથ ધરાશે. આ રસ્તાઓમાં નદીઓ ઉપર બ્રીજ, રેલવે ફાટક ઉપર આર.ઓ.બી/આર.યુ.બીનુ નિર્માણ કરાશે, જેના થકી ફાટક-મુક્ત ગુજરાતના નિર્માણ થશે. આ વાર્ષિક પ્લાનમાં રૂા. ૩૫૦ કરોડના ખર્ચે નારોલ જંક્શનથી ઉજાલા જંક્શન સુધીના ૧૨.૮ કી.મી.ના હયાત રસ્તાને વિકસાવવામાં આવશે. જે અંતર્ગત નારોલ જંક્શનથી વિશાલા જંક્શન વચ્ચેના છ-માર્ગીય રસ્તાને આઠ માર્ગીય રસ્તા તરીકે વિકસાવવામાં આવશે, તેમજ હયાત સાબરમતી નદી પરના પુલને છ-માર્ગીય બનાવાશે. આ ઉપરાંત રૂા.૧૨૮ કરોડના ખર્ચે વિશાલા જંક્શનથી ઉજાલા જંક્શન વચ્ચેના ૫.૨૮ કી.મી.ની ચાર-માર્ગીય લંબાઈના રસ્તાને છ-માર્ગીય બનાવી એલીવેટેડ કોરીડોર પ્રકારની સુવિધા ઉપલબ્ધ બનાવાશે. આ ઉપરાંત રૂા. ૧૧૦ કરોડના ખર્ચે સરખેજ-ગાંધીનગર હાઈવે પર ઈસ્કોન ફલાઈઓવરથી સાણંદ ફલાય-ઓવર વચ્ચે ૪ કી.મી. લંબાઈ ૩ એલીવેટેડ ફલાય-ઓવરનુ નિર્માણ કરાશે. મંત્રીએ ઉમેર્યુ કે રૂા. ૨૫૭ કરોડના ખર્ચે મહુવાથી અમરેલી વચ્ચે બાધડા સુધીના ૫૦.૪૮ કી.મી.ના ૧૦ મીટર પહોળા રસ્તાનુ નિર્માણ કરાશે. જેના પર ૨(બે) રેલવે ઓવરબ્રિજ અને નવા પુલીયાનુ નિર્માણ થશે. આ રોડ પર ૧૦૦ કી.મી.ની સ્પીડ સુધી વાહનો દોડી શકશે. આ ઉપરાંત રૂા. ૪૫૧.૫૦ કરોડના ખર્ચે બાધડા-અમરેલીના ૫૦.૪૮ કી.મી.નો ૧૦ મીટર પહોળો રસ્તો બનાવાશે. જેમા અમરેલી બાયપાસ તેમજ બગસરા જવા માટે નદીના પુલ તથા રેલવે ઓવરબ્રિજનુ નિર્માણ કરાશે. આ ઉપરાંત રૂા. ૪૫૦ કરોડના ખર્ચે ભિલોડા-શામળાજી નેશનલ હાઈવે ૧૬૮-G નો નવો ૧૦ મીટર પહોળો રસ્તો બનાવાશે. જેના પર નવા નાના પુલ તથા ભીલોડા બાયપાસનુ નિર્માણ કરાશે. તે જ રીતે આહવા-સાપુતારા નેશનલ હાઈવે-૯૫૩ માર્ગને પણ ૧૦ મીટર પહોળો બનાવી હયાત રસ્તાનુ અપગ્રેડેશન કરાશે. વધુમાં રૂા. ૨૫૦ કરોડના ખર્ચે જામનગર-કાલવાડ નેશનલ હાઈવે-૯૨૭-D ને ચાર લેન રસ્તો બનાવાશે. જે માટે જમીન સંપાદન તેમજ જંગલ વિસ્તારની મંજૂરીની પ્રક્રિયાઓ સહિતની કામગીરી હાથ ધરવામાં આવી છે. મંત્રીએ ઉમેર્યુ કે રાજ્યના નાગરીકોને યાતાયાતની સુવિધાઓમાં વધારો થાય તે માટે રાજ્ય સરકારે છેલ્લા ૬ માસમાં રાજ્યના ૩૩ જિલ્લાઓમાં રૂા.૧૨,૨૦૦ કરોડના ખર્ચે વિવિધ માર્ગ નિર્માણ-વિકાસના કામોના ખાતમુહૂર્ત તેમજ લોકાર્પણના કામોની કામગીરી પ્રગતી હેઠળ છે. તેમણે ઉમેર્યુ કે ભારત સરકાર દ્વારા આ કામગીરી માટેના ડી.પી.આર. કન્સલટન્ટની નિમણૂંક પણ કરવામાં આવી છે અને એ માટે વિગતવાર સર્વેની કામગીરી હાલ પ્રગતિમાં છે.

## ઉનાળામાં કલ્પવૃક્ષ ગણાતુ કડવા લીમડાના વૃક્ષની લીંબોળીઓ ઔષધિય સાથે શ્રમજીવીઓ માટે રોજગારીનું માધ્યમ બન્યુ છે

ચિલોડા, તા. ૨૮

કડવો લીમડો મીઠી છાંય એ કહેવત લિમડાના ઉપયોગીપણાને ઔષધિ ગુણો ધરાવતો લીમડો ખેતરની વાડમાં કુદરતી રીતે ઉશરે છે. ગ્રામ્ય વિસ્તારમાં ઘર આંગણે લીમડાનું વૃક્ષ છાંયડા માટે આશીર્વાદરૂપ બને છે. તેના પાન, કુંપળો, છાલ, મૂળ તથા લીમડા થડે વિંટાયેલી ગળોમાં વેલા ઔષધિરૂપે લેતા હોય છે. જૂન માસમાં લિંબોળી આપતાં લીમડાના વૃક્ષો દહેગામ તાલુકાના દેવકરણના પંથકના અનેક શ્રમજીવીઓ માટે રોજગારી તેમજ આવકનું સાધન બન્યું છે. આ વિસ્તારના ચિલોડા, ગાંધીનગરના જાહેર રસ્તાઓ પર આવેલા વિશાળ લીમડાના ઝાડ નીચે હાથમાં ઝાંડુ, છૂપડીઓ સાથે દૂર દૂરના જિલ્લાઓમાં ખાનગી વાહનો સાથે ખુંદી વળે છે. વર્ષે દહાડે રોજગારીની આવક મેળવવા પ્રયત્નશીલ બન્યા છે.




ઉનાળામાં પશુધનને છાંયડો અને આજીવન આજીવિકા માટે કળીયુગમાં કલ્પવૃક્ષ ગણાતો લીમડો દહેગામ તાલુકાના દેવકરણના મુવાડાના આસપાસના અનેક ગામોના શ્રમજીવીઓ જૂન માસમાં વરસાદના આગમન સાથે પાકટ પીળા કલરની સુકી લીંબોળીઓ ઢગલાબંધ જોવા મળે છે. ખરી પડેલી સુકી લીંબોળીઓ એકત્રીત કરી રીક્ષા દ્વારા પાંચથી છ નું જૂથ બનાવી ઉત્તર ગુજરાત ડીસા, પાલનપુર, ખેડા, અરવલ્લી, સાબરકાંઠા, ગાંધીનગર જિલ્લાઓમાં ગામડે ગામડે પહોંચી લિંબોળી એકત્રીત કરી એક મણના ૮૦ થી ૧૦૦ રૂ. ભાવે વેચાતા એક વ્યક્તિ આશરે ૨૫૦ થી ૩૦૦ રૂપિયાની કમાઈ કરી લે છે. દેવકરણના મુવાડા પંથકમાં ખેતીની જમીન નહિંવત હોવાથી પાણીની તંગી તેમજ રોજગારી તેવી તકોના અભાવે ગ્રામજનો દૂર દૂરની સફર ખેડી લિંબોળીઓ વીણી આવક કમાવવા મજબૂર બન્યા છે.

## સચિવાલય ન્યુ ક્રેડિટ સોસાયટીની ચૂંટણી યોજાઈ

ગાંધીનગર, તા. ૨૮

ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓપ. ન્યુ ક્રેડીટ સોસાયટી લિ. ગાંધીનગરની ચૂંટણી યોજાઈ હતી. પાંચ ઉમેદવારોને વિજેતા જાહેર કરાયા છે.

ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓપ.ન્યુ. ક્રેડિટ સોસાયટી, લિ. ગાંધીનગરના બોર્ડ ઓફ ડીરેક્ટર્સની પાંચ જગ્યાઓ માટે કુલ ૧૨ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. ગત તા. ૨૩મી જૂનના રોજ તેની ચૂંટણી યોજાઈ હતી. જેમાં કુલ ૧૩૧૮ સભાસદોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી પાંચ ઉમેદવારોને વિજય અપાવ્યો છે. વિજેતા ઉમેદવારોમાં વિશ્વજીતસિંહ ચૌહાણ, જસ્મીનકુમાર કાવઠિયા, આનંદ શ્રીમાળી, મૃણાલ છાયા અને માનસી ખોખાણીનો સમાવેશ થાય છે.